# તમારા નાણાકીય ખાતાનો સુરક્ષિત રીતે ઉપયોગ કરો

**એક પિન નંબર પસંદ કરો જે તમે ફક્ત જાણો છો**




**હંમેશા તમારા પિન નંબરને ગુપ્ત રાખો**



તમારો પિન નંબર ક્યારેય શેર કરશો નહીં

**છેતરપિંડી માટે ના કોલથી સાવચેત રહો**




જો તમને તમારો પિન નંબર પૂછવા માટે કોઈ કોલ આવે તો, ક્યારેય ના આપો , ભલે તેઓ કે તે તમારી બેંક માંથી છે

“હું મારું એકાઉન્ટ સુરક્ષિત રાખવા માટે હું કોઈની સાથે મારો પિન નંબર અથવા પાસવર્ડ શેર કરતી નથી”



RISE

# નાણાકીય સેવાઓ તમારા માટે છે

## ડિજિટલ ખાતું છે...

### સલામત અને સરળ


તમે તમારા ફોન પરથી તમારા એકાઉન્ટનો ઉપયોગ કરી શકો છો


તમે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકો છો



તમે કોઈપણ સમયે તમારા પૈસા પાછા લઈ શકો છો


તમે તમારા પૈસા બેંકમાં સુરક્ષિત રાખી શકો છો

### અનુકૂળ


પૈસા મોકલો


મોબાઇલ ટોપ અપ


વેપારીઓને ચૂકવણી કરવી


બિલ ચુકવો

- તમારા એકાઉન્ટ પર, તમે દર મહિને તમારી આવક અને તમારા ખર્ચને ટ્રેક કરી શકો છો અને તમારા વેતન પર નિયંત્રણ રાખી શકો છો
- ખાતરી કરો કે તમે જાણો છો કે ફી અને એકાઉન્ટની મર્યાદા શું છે
- જો તમને કોઈ સમસ્યા હોય, તો તમે તમારા ફેક્ટરી મેનેજરનો સંપર્ક કરો અથવા તમારા નાણાકીય સેવા પ્રદાતા ને કોલ કરો

"હું મારી આવક અને ખર્ચને ટ્રેક કરી શકું છું કારણ કે મારો ફોન નંબર મારા બેંક એકાઉન્ટ સાથે જોડાયેલ છે. યુએસએસડી * 99 # અને યુપીઆઈ ચુકવણીઓનો ઉપયોગ કરીને પૈસા ઘરે મોકલી શકું છું"



RISE

# નાણાકીય આયોજન

## તમારા નાણાકીય લક્ષ્યો શું છે?




### ધ્યાન રાખો

તમારા લક્ષ્યો ની  અને તમારા પરિવાર સાથે કેટલી બચત કરવી તેની ચર્ચા કરો અને સહમત કરો

તમારા લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે ડિજિટલ એકાઉન્ટ પર  બચત કરવાની  શરૂઆત કરો અને તમારા ખર્ચ ને  મોનીટર કરવા માટે બેંક ખાતા ને  જોતાં રહો

"મારું ધ્યેય છે કે મારી પુત્રી ને હું કોલેજ  માં મોકલું. હું મારા ગામ માં ખેતી માટે જમીન પણ  ખરીદવાની ઇચ્છા છે.  હું મારા પરિવાર સાથે બેઠી ને યોજના બનાવી કે આપણે આપણા લક્ષ્યો સુધી પહોંચવા માટે દર મહિને કેટલી બચત કરવાની જરૂર છે"



RISE

# કેવી રીતે બજેટ કરવું

| | ખર્ચ | રકમ |
|---|---|---|
| આવક | **વેતન**<br>તમારું વેતન<br>તમારા જીવનસાથી નો પગાર<br><br>**અન્ય આવક**<br>કૃષિ આવક | |
| ખર્ચ | **આવશ્યકતાઓ**<br>તંદુરસ્ત ખોરાક<br>ભાડુ<br>બીલ<br>દવા<br>શાળા ફી<br><br>**બિન-આવશ્યકતા**<br>નાસ્તા અને મીઠાઈઓ<br>નવા કપડા | |
| વધેલી રકમ | **કુલ આવક = કુલ ખર્ચ ( આવક થીખર્ચ ને ઓછો કરો )** | |

બચત કરેલા પૈસા = તમારી બચત

## ધ્યાન રાખો

તમારા પરિવાર સાથે બજેટ બનાવો

આવશ્યક ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરો અને બિન-આવશ્યક ચીજોનો ઘટાડો કરો

તમારી બચત તમારા નાણાકીય ખાતામાં રાખો

"મેં મારા પરિવાર સાથે મારું બજેટ બનાવ્યું છે, અને અમે બિનજરૂરી નાસ્તા પર ખર્ચ ઓછો કરી ને, ભવિષ્ય માં અમે અમારી છોકરી ની કોલેજની ફીસ ભરવા માટે બચત કરવા માટે સક્ષમ છીએ"

તમારી આવશ્યક કિંમતનું મૂલ્યાંકન



અનિવાર્ય ખર્ચ ઘટાડવો





RISE

# દરેક જણ બચાવી શકે છે, આજથી પ્રારંભ કરો!

## બચત શા માટે જરૂરી છે



- તમારા લક્ષ્યો સુધી પહોંચવા માટે
- કટોકટીના કિસ્સામાં

## કેવી રીતે બચાવવા



- તે નક્કી કરવું કેટલી બચત કરવી છે અને તે નિર્ણય પર વળગી રહેવું
- માત્ર એટલા જ રૂપિયા બેંક માંથી કાઢો જેટલા રૂપિયા ની તમને આવશ્યકતા છે, અને બાકી ના રૂપિયા પોતાના બેંક માં સુરક્ષિત રહેવા દો

## તમારા પૈસા સુરક્ષિત રાખો



- બચત ખાતું ખોલો અને તેનો ઉપયોગ કરો

"મારૂ એક સપનું છે હું મારી છોકરી ને કોલેજ મોકલી ને તેના સપના ને પૂરા કરવા માટે મારા બેંક માં દર મહીને 1000 રૂપિયા ની બચત કરું છું"



## જવાબદારી થી લોન

- લોન/ઉધાર લેવાની જગ્યાએ મોટા ખર્ચ ને ઓછા કરી ને બચાવવાનું વધુ સારું છે
- જો તમારે ખરેખર લોન લેવાની જરૂર હોય, તો ફક્ત બેંકો જેવા પ્રતિષ્ઠિત સ્ત્રોતોમાંથી જ લો
- જો તમે લોનની ચુકવણી નથી કરી શકતા તો તમારે વધારે રૂપિયા આપવા પડશે
- તે જાણો કે લોન વ્યાજ દર અને અન્ય શુલ્ક શું છે

RISE

# તમારા પરિવાર સાથે નાણાંકીય બાબતોની વાત કરવી

જો પરિવાર એક સાથે નાણાકીય નિર્ણયો પર ચર્ચા કરે ,તો તેમના નાણાકીય લક્ષ્યો પૂરા હોવાની સંભાવના વધારે હોય અને તેમના સબંધો પણ વધારે મજબૂત હોય છે

## વાતચીત દરમ્યાન ધ્યાન રાખો

- સામે વાળા ના દૃષ્ટિકોણનો સ્વીકાર કરો
- તમારા જીવનસાથીની વાત ને સાંભળો
- એક સામાન્ય સમાધાન શોધવા માટે સમાધાન કરવા માટે તૈયાર રહો
- વિશ્વાસ સાથે તમારી વાત અને વીચાર રાખો.
- વાતચીત દરમ્યાન આંખો થી સંપર્ક બનાવી રાખો
- વાતચીતમાં અન્ય મુદ્દાઓ ને લાવશો નહીં

“અમારી અંદર-અંદર રૂપિયા ની બાબત માં બહુ વિવાદ થતો હતો, પરંતુ જયારથી અમે પોતાના લક્ષ્યો ને નિર્ધારિત કરીયા છે અને એક સાથે બજેટ બનાવાનું ચાલું કરીયું છે ત્યારથી અમારા ઘર માં અંદર-અંદર સબંધો બહુ સારા થયા છ”



જો તમે ઘરે સંઘર્ષ અથવા હિંસાનો સામનો કરો છો: કૃપા કરીને પોલીસ સહાય **માટે 100** નંબર પર કોલ કરો, અથવા મહિલાઓ સામેની હિંસા **માટે 1091 અથવા 181** પર મદદ માટે કોલ કરો

RISE

# ઇન્ટરનેટ વગર મોબાઇલ બેન્કિંગ

યુએસએસડી સેવાઓ
ડાયલ કરો *99#

## ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર સાથે જોડાયેલા કોઈપણ મોબાઇલ ફોનનો ઉપયોગ કરો

કીપેડ ફોન

સ્માર્ટ ફોન

ઇન્ટરનેટની જરૂર નથી

## તમને જરૂર છે...

તમારા મોબાઈલ ના સીમ ને ટેલીકોમ સેવા ની સાથે નોંધણી કરાવો

તમારા મોબાઈલ નંબર ને તમારા બેંક ખાતા માં નોંધણી કરાવો

તમારા બેંક ના ડેબિટ કાર્ડ/ એટીએમ

## યુએસએસડી સેવાઓ માં નોંધણી માટે ના પગલાઓ

તમારા રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પરથી ***99#** ડાયલ કરો

પોપ-અપ મેનૂમાંથી તમારી બેંક પસંદ કરો

સૂચિમાંથી તમારું બેંક ખાતું પસંદ કરો

તમારી યૂપીઆઈ પિન સેટ કરો:

a) તમારા ડેબિટ કાર્ડની આગળના છેલ્લા 6 અંકો દાખલ કરો

b) સમાપ્તિ તારીખ દાખલ કરો

c) તમારો પિન નંબર બનાવો અને પુષ્ટિ કરો

યૂએસએસડી સેવાઓનો ઉપયોગ શરૂ કરવા માટે ફરી ***99#** ડાયલ કરો

## યુએસએસડી દ્વારા લાભો અને સેવાઓ

પૈસા મોકલો

પૈસા પ્રાપ્ત કરો

ચૂકવણી માટે બાકી વિનંતી તપાસો

તમારા બેલેન્સ અને તમારા છેલ્લા 5 લેનદેન ની વિગતો તપાસો

જરૂર પડે તો તમારો યૂપીઆઈ પિન નંબર બદલો

યુએસએસડી સેવા નો ઉપયોગ કરવા માટે દરેક લેનદેન પર 0.50 પૈશા તમારા ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર ને ચૂકવવાનો રહેશે

એક સમય પર 5000 થી વધારે રૂપિયા અને દરેક વર્ષ 50000 રૂપિયા સુધી લેનદેન કરી શકશો

RISE